ચકચારી બિટકોઇન પ્રકરણની તપાસમાં હવે ઇડીએ પણ ઝંપલાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બિટકોઇન તોડ પ્રકરણમાં સીઆઇડી ક્રાઇમે ચાર્જશીટ રજૂ કર્યા બાદ હવે આ મામલે ઇડીએ પણ તપાસ શરૂ કરી છે. ઇડીએ વિવિધ દસ્તાવેજ સીઆઇડી પાસેથી મેળવી લીધા છે. જેનો અભ્યાસ અધિકારીઓ કરી રહ્યાં છે. આ મામલે પ્રાથમિક તપાસ બાદ ફરિયાદ નોધવાની કાર્યવાહી ઇડી હાથ ધરે તેવી શક્યતા છે.

બીજી તરફ, શૈલેષ ભટ્ટે વર્ષ ૨૦૦૩માં મુંબઇના વેપારી સાથે રૂા.૧.૪૦ કરોડની ઠગાઇ આચરી હતી અને તે કેસમાં સીઆઇડી ક્રાઇમે આરોપી શૈલેષ સહિત સાતના વોરંટ મેળવ્યા છે. ૨૦૦૩ નો કેસ મેટ્રો કોર્ટમાં ચાલી રહ્યો છે. જેમાં આરોપીઓ હાજર ન થતા તેમના વોરંટ ઇસ્યૂ કરવામાં આવી રહ્યાં છે. બિટકોઇન પ્રકરણમાં પહેલી ફરિયાદ બાદ નવા નવા ખુવાસા થયા હતા. ત્યારબાદ આ મામલે સુરતમાં પણ એક ફરિયાદ કરવામાં આવી હતી. પોલીસની તપાસમાં બિટકોઇનની હેરફેર પ્રકરણમાં હવાલા કૌભાંડ પણ હોવાની ઇડીએ પણ ઝંપલાયું હતું. સીબીઆઇએ ચાર્જશીટ રજૂ કર્યા બાદ ઇડીએ તાજેતરમાં જ બિટકોઇન પ્રકરણના વિવિધ દસ્તાવેજ સીઆઇડી ક્રાઇમ પાસેથી મેળ્યા છે. જેનો અભ્યાસ અધિકારીઓ કરી રહ્યા છે. જેમાં કેટલાક હવાલા રેકેટ પણ બહાર આવ્યા છે. જેથી હવે ઇડી આ મામલે સત્તાવાર રીતે થોડા જ સમયમાં કોર્ટમાં ફરિયાદ દાખલ કરે તેવી શકયતા છે.

બીજી તરફ, શૈલેષ બાબુભાઇ ભટ્ટે વર્ષ ૨૦૦૩માં અન્ય લોકો સાથે મળી પેરામાઉન્ટ પ્રોજેકટ ઇન્ડિયા લિ. નામની બોગસ કંપની બનાવી હતી. ખોટા સેલ્સ ટેકસ નંબર મેળવી વડોદરા ખાતે ઓફિસ ખોલી હતી. ત્યારબાદ મુંબઇના વેપારી પ્રતાપજી ઠાકરજી સોલંકી પાસેથી સ્ટેનલેસ સ્ટીલ તથા એમએસનો માલ મંગાવ્યો હતો. પહેલાં વેપારીનો વિશ્વાસ કેળવવા માટે શૈલેષે બેંક ડીડીથી પૈસા ચૂકવ્યા હતા. ત્યારબાદ રૂા. ૧.૪૦ કરોડનો માલ મગાવી ઓફિસ બંધ કરી ઠગાઇ આચરી હતી. ■

અમદાવાદ-મહેસાણા હાઇવે પર માલધારીઓની રેલી

▸ પથ્થરમારો સામે પોલીસના ટીયર ગેસના સેલ

અમદાવાદઃ મહેસાણા જિલ્લાના કડી નજીકના નંદાસણ અને આસપાસના ગામડાઓમાં થતી ગૌવંશની ચોરી અને કતલ સામે ઝઝૂમી ગૌસેવકની હત્યામાં મુખ્ય આરોપી હજુ સુધી ન પકડાતા માલધારી સમાજ અને ગૌસેવકો દ્વારા નંદાસણ- છત્રાલ હાઇવ નજીક યોજાયેલી આક્રોશ રેલી દરમિયાન અમદાવાદ- મહેસાણા હાઇવે બ્લોક થતા ધસી આવેલી પોલીસ પર લોકોએ પથ્થરમારો કરતા મામલો વણસ્યો હતો. તેમ જ પોલીસ લાઠી ચાર્જ અને ત્યાર બાદ ટોળા પર ટીયરગેસનો મારો ચલાવ્યો હતો. પોલીસ અને ગૌસેવકોના ઘર્ષણથી સમગ્ર વિસ્તારમાં તંગદીલી ફેલાઇ ગઇ હતી. સમગ્ર વિસ્તારમાં ચૂસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. દરમિયાન પોલીસે લાઠીચાર્જ અને ટીયરગેસના સેલના મારાથી અનેક માલધારીઓ ઘાયલ થયા બાદ સમગ્ર વિસ્તારમાં આક્રોશ ફેલાયો છે. બીજી બાજુ પોલીસે આ ઘટનામાં ૧૦૦ થી વધારે માલધારીઓની અટકાયત કરી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર કડીના રાજપુરના રાજુ રબારી યુવાનના મોત બાદ માલધારી સમાજમાં રોષ ફાટી નીકળ્યો છે, જેને પગલે વિશાળ રેલીમહેસાણાના કડીના રાજપુરના યુવકના મોત મામલે રબારી સમાજ અને ગૌસેવકોમાં રોષ જોવા મળી રહ્યો છે. માલધારી સમાજ દ્વારા મુખ્ય આરોપીની પકડી પાડવાની માંગણી તેમજ ગૌવંશની કતલ તેમજ ચોરી બંધ કરાવવાની માંગણી સાથે કડી નજીકના છત્રાલ પાસે કડીમાં રેલી યોજવામાં આવી હતી. અંદાજે ૨૦૦૦થી વધુ લોકો રેલીમાં જોડાયા હતા. રાજપુરથી નંદાસણ સુધી રેલી કાઢવામાં આવી હતી. રબારી સમાજે યુવાનની હત્યાના બનાવને વખોડી કાઢી, અને કાયદો અને વ્યવસ્થા સામે રોષ વ્યક્ત કર્યો હતો. રાજુ રબારી નામના ગૌરક્ષક યુવકના મોતનો મામલો સામે આવ્યો હતો, જેને પગલે રબારી રમાજ દ્વારા રેલી યોજી પોલીસને આવંદન પત્ર પાઠવી રજૂઆત કરાઈ કે ઝડપીમાં ઝડપી આરોપીઓને પકડવામાં આવે અને કડકમાં કડક સજા કરવામાં આવે. માલધારી સમાજ દ્વારા આવેદનપત્ર પાઠવ્યા બાદ રસ્તા પર વિરોધ દર્શાવા બધા બેસી ગયા, જેને પગલે રોડ-રસ્તા બ્લોક થઈ ગયા. પોલીસે તેમને સમજાવવા જતા સમાજના લોકો રોષે ભરાયા અને પોલીસ પર પથ્થરમારો શરૂ કરી દીધો હતો. જેની સામે પોલીસે પણ કાયદો અને વ્યવસ્થા સંભાળવા માટે લાઠીચાર્જ અને ટીયર ગેસના સેલનો મારો ચલાવ્યો હતો. જોકે પોલીસે આખરે મામલો થાળે પાડીને અમદાવાદ- મહેસાણા હાઇવે ખુલ્લો કરીને ચૂસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો. ■

ભાવનગરમાં સગી કાકીએ કરી ૧૫ દિવસના જ ભત્રીજાની હત્યા

▸ દેરાણીને સબક શીખવવા કર્યું કૃત્ય

ભાવનગરઃ શહેરમાં દેરાણી સાથે બદલો લેવાની ભાવના સાથે જેઠાણીએ કાવતરું રચીને ૧૫ દિવસના જ માસૂમ ભત્રીજાની પાણીના ટાંકામાં ફેંકી દઇને હત્યા કરી હતી. પરિવારનો આંતરિક કલહ આ બાળકના મોતનું કારણ બન્યો હતો. ભાવનગર શહેરના કુંભારવાડા વિસ્તારમાં રહેતા દિનેશભાઇ પરમારનો માત્ર ૧૫ દિવસનો માસૂમ બાળક પોતાના ઘરે ઘોડિયામાં સૂતો હતો. બાદમાં બાળક ગુમ થઇ જતાં પરિવારજનોએ બે સાધુ-બાવા જેવા શખસો આવ્યા હતાં અને બાળકનું અપહરણ કરી ગયાનો આક્ષેપ કર્યો હતો. દરમિયાન ગુમ થયેલો બાળક તેના ઘરના જ પાણી ભરેલા ટાંકામાંથી મૃત હાલતમાં મળી આવતા પરિવારજનોએ આ બાળકને બાવા જેવા બે શખસોએ ઉઠાવી તેણે જ પાણીના ટાંકામાં ફેંકીને હત્યા કરી હોવાનું જણાવ્યું હતું. તપાસનીસ પોલીસ અધિકારીઓને બાવા-સાધુની વાતમાં કોઇ તથ્ય લાગતું નહતું. તેમણે બંને ભિક્ષાવૃતિ કરતા શખ્સોને પકડી પાડ્યા હતા અને તેમની પણ કડક પૂછપરછ કરવામાં આવ્યાં હતી. જેમાં તેમણે આ બધું પોતે નથી કર્યું તેવું કહ્યું હતું. જે પછી પરિવારના સભ્યોની તપાસ કરવામાં આવી હતી.■

ભાદર નદીમાં કેમિકલયુક્ત પાણી મુદ્દે હાર્દિક પટેલ- લલિત વસોયા આજે લેશે જળસમાધિ

▸ ગંદા પાણી અંગે લલિત વસોયાની લડત યોગ્ય છે

રાજકોટઃ જેતપુરના ભાદર ડેમમાં કેમિકલયુક્ત પાણી ઠાલવવા મુદ્દે આંદોલન ચાલવી રહેલી કૉંગ્રેસના ધારાસભ્ય લલિત વસોયાની સાથે પાસના નેતા હાર્દિક પટેલે પણ શનિવારે જળસમાધિ લેવાનો નિર્ણય કર્યો છે. તેમના જળસમાધિ કાર્યક્રમને કૉંગ્રેસે પણ સમર્થન આપ્યું છે. કૉંગ્રેસના ધોરાજીના ધારાસભ્ય લલિત વસોયાએ પણ ભાદરમાં પાણીને ઠાલવવામાં આવતા જળસમાધિની ચીમકી આપી હતી. લલિત વસોયાના નિર્ણયને કૉંગ્રેસના ૧૧ જેટલા ધારાસભ્યએ સમર્થન આપ્યું છે. કૉંગ્રેસ અને હાર્દિકના જળસમાધિ કાર્યક્રમની જાહેરાત બાદ વહવિટી તંત્ર ચોક્કસ તેમની સાથે વાતચીત કરીને આ મુદ્દે સમાધાન કાઢવાનો પ્રયાસ કરશે. ભાદરમાં ઠાલવવામાં આવતા કેમિકલયુક્ત ગંદા પાણી બાબતે ધોરાજીના ધારાસભ્ય લલિત વસોયા છેલ્લા ઘણા દિવસોથી લડત લડી રહ્યા છે. ડેમની આસપાસમાં આવેલા કારખાનાઓનું ગંદુ પાણી ડેમમાં ઠાલવવામાં આવતું હોવાથી ડેમનું પાણી અશુદ્ધ થઈ રહ્યું છે. આ મામલે તેમણે આંદોલનો પણ કર્યા હતા. જોકે, તંત્ર તરફથી કોઈ ધ્યાન આપવામાં ન આવતા તેમણે શનિવારે જળસમાધિ લેવાનો નિર્ણય કર્યો છે. આ મામલે હાર્દિક પટેલે પણ લલિત વસોયાને સમર્થન આપ્યું છે. હાર્દિકે કહ્યું છે કે જો આ મામલે કોઈ નિકાલ નહીં આવે તો હું પણ જળસમાધિ કાર્યક્રમમાં જોડાઈશ. કૉંગ્રેસની ટિકિટ પરથી ધારાસભ્ય પદે ચૂંટાયા પહેલા લલિત વસોયા પણ પાસના કન્વિનર હતા, તેમ જ પાટીદારોને અનામત મળે તે માટે લડત લડી રહ્યા હતા. ■

સોમનાથ મહાદેવનું મંદિર આજથી એલઈડી લાઈટોથી ઝળહળી ઉઠશે

અમદાવાદ : દ્વાદશ જ્યોતિર્લિંગમાં પ્રથમ સ્થાન ધરાવતા સુપ્રસિદ્ધ સોમનાથ મહાદેવ મંદિર શનિવારથી જ ૨૦૦૦ જેટલી એલઈડી લાઈટની રોશનીથી ઝળહળી ઊઠશે. મંદિરને રંગબેરંગી એલઈડીથી શણગારવામાં આવી રહ્યું છે. હાલમાં આ કામગીરી પૂર્ણતાના આરે છે. જેટલી પણ કામગીરી થઈ છે તેનું ટેસ્ટિંગ હાલમાં ચાલી રહ્યું છે. સુપ્રસિદ્ધ સોમનાથ મંદિર પવિત્ર શ્રાવણ મહિના દરમિયાન રંગબેરંગી રોશનીથી ઝળહળી ઉઠશે. ૨૦૦૦ જેટલી એલઈડી લાઈટો લગાવવામાં આવી રહી છે. રોજ રાત્રે ૪૫ મિનિટ સુધી લગાવાયેલી એલઈડી લાઈટની રોશનીથી મંદિરની શોભા ચાર ગણી વધી છે જ્યારે કામગીરી પૂરી થશે ત્યારે મંદિર જોઈને ભક્તો પણ દંગ રહી જશે. છેલ્લા ૪ મહિનાથી આ કામગીરી ચાલી રહી છે. મુખ્ય પ્રવેશદ્વારને પણ રંગબેરંગી લાઈટથી શણગારવામાં આવી રહ્યું છે. કુલ ૬ કરોડનો ખર્ચ લાઈટિંગ બ્યુટીફિકેશન માટે થશે. મંદિર ફરતે ૧૪૦૦ એલઈડી ફિક્ચર્સ અને ૬૦૦ હાઈ એલઈડી લાગી રહી છે. નાના નાના હજારો બલ્બથી મંદિરનાં પગથિયાંથી ૧૫૧ ફૂટની ઊંચાઈ ધરાવતા ઊંચા શિખર સુધી લાઈટોના વિવિધ રંગ જોવા મળશે. આ અંગે સોમનાથ ટ્રસ્ટના જનરલ મેનેજર વિજયસિંહ ચાવડાએ જણાવ્યું હતું. ■

ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહની પ્રાયોગિક પરીક્ષા હવે ગુજરાત શિક્ષણ બોર્ડ લેશે

અમદાવાદઃ ધોરણ ૧૨ સાયન્સની પ્રાયોગિક પરીક્ષા માર્ચ ૨૦૧૯ થી ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા યોજાશે. અત્યાર સુધી આ પરીક્ષા સ્કૂલ દ્વારા લેવાતી હતી, પરંતુ માર્ચ ૨૦૧૯ થી આ પરીક્ષા બોર્ડ દ્વારા લેવાશે. સાયન્સમાં મુખ્ય ત્રણ વિષયની પ્રાયોગિક પરીક્ષા માટે બોર્ડ દ્વારા પ્રશ્નપત્રો અને જરૂરી સાહિત્ય મોકલવામાં આવશે. ઉપરાત, પરીક્ષા માટે બોર્ડ દ્વારા પરીક્ષકોની નિમણૂક પણ કરવામાં આવશે. આ પરીક્ષા જિલ્લાના નિયત કરેલા પરીક્ષા કેન્દ્રોખાતે લેવામાં આવશે. આમ, સ્કૂલ દ્વારા લેવામાં આવતી આ પ્રાયોગિક પરીક્ષામાં ચાલતી ગેરરીતિઓ પર બ્રેક વાગશે. રાજ્ય સરકાર દ્વારા ધોરણ ૧૧ અને ધોરણ ૧૨ સાયન્સમાં સેમેસ્ટર પદ્ધતિ રદ કર્યા બાદ પરીક્ષા પદ્ધતિમાં ઘણા ફેરફારો કર્યા છે. હવે સાયન્સની પ્રાયોગિક પરીક્ષામાં પણ બોર્ડ ફેરફાર કર્યા છે. ધોરણ ૧૨ ની પરીક્ષા અત્યાર સુધી સ્કૂલ દ્વારા લેવામાં આવતી હતી. જોકે, સ્કૂલ દ્વારા લેવાતી પરીક્ષામાં પોલમપોલ ચાલતી હતી અને અમુક શાળાઓ પરીક્ષા લીધા વગર જ માર્ક મોકલી આપતી હતી. જોકે, હવે આ પોલમપોલ પર બ્રેક વાગે તે માટે બોર્ડ ધોરણ ૧૨ સાયન્સની પ્રાયોગિક પરીક્ષા લેવાનો નિર્ણય લીધો છે.માર્ચ ૨૦૧૯ થી ધોરણ ૧૨ સાયન્સની પ્રાયોગિક પરીક્ષા બોર્ડ દ્વારા લેવામાં આવશે. ધોરણ ૧૨ સાયન્સમાં રસાયણ વિજ્ઞાન, ભોતિક વિજ્ઞાન અને જીવ વિજ્ઞાન વિષયની પ્રાયોગિક પરીક્ષા બોર્ડ દ્વારા લેવાશે જેના માટે બોર્ડ દ્વારા પ્રશ્નપત્રો અને જરૂરી સાહિત્ય મોકલાવામાં આવશે. પ્રાયોગિક પરીક્ષાના ૩ વિષયોના પરીક્ષકોની નિમણૂકો પણ બોર્ડ દ્વારા જ કરવામાં આવશે. વિજ્ઞાન પ્રવાહની પ્રાયોગિક પરીક્ષા જિલ્લામાં નિયત થયેલા કેન્દ્રોના પરીક્ષા સ્થળ ખાતે જ લેવાશે. પ્રાયોગિક કાર્યની જનરલ બોર્ડ દ્વારા લેવામાં આવનારી પરીક્ષા સમયે જે તે કેન્દ્ર ખાતે રજૂ કરવાની રહેશે. ■

સિંગતેલના ભડકે બળતા ભાવઃ પુરવઠા અધિકારીઓને દરોડા પાડવા અપાયો આદેશ

અમદાવાદઃ પેટ્રોલ-ડીઝલના ભાવ આસમાને પહોંચ્યા છે. જ્યારે સિંગતેલના ભાવોમાં દરરોજ ભાવ વધારો થઈ રહ્યો છે તહેવારો ટાણે તેલના ડબાએ રોજ રૂ. ૧૦નો ભાવ વધારો નોંધતાં માત્ર દસ જ દિવસમાં તેલના ડબાનો ભાવ વધીને ૧૬૦૦એ પહોંચ્યો છે નાફેડ દ્વારા ખેડૂતો પાસે ટેકાના ભાવે મગફરી ખરીદવામાં આવે છે. આ મગફળી નાફેડ સમયાઅંતરે બજારમાં વેચાણ કરે છે, પરંતુ હાલના સંજોગોમાં અત્યાર સુધી ભાવ પક્કડના કારણે સીધું ચાલતું મગફળીનું બજાર ભડકા છાપ તેજીમાં ફેરવાશે. જેના કારણે લોકોએ મજબૂરીથી સિંગતેલ મોંઘા ભાવે ખાવું પડશે, નાફેડે તેના મગફળીના વેચાણ ભાવમાં રૂ.૧૦૦થી ૧૨૦ સુધીનો વધારો ૨૦ કિલોએ કરી દીધો છે. રાજ્યના અન્ન અને પુરવઠા પ્રધાને જણાવ્યું હતું કે પુરવઠા વિભાગના અધિકારીઓને સૂચના આપી દીધી છે. કે, તેલનો પુરવઠો સંગ્રહ કરીને કાળાં બજાર કરતા વેપારીઓને ત્યાં દરોડા પાડવામાં આવે. કોઈ વેપારીને ત્યાં જરૂરથી વધુ જથ્થો એકઠો કરવા દેવાશે નહીં. દરમિયાન ગરીબોને વાજબીભાવે તેલ આપવામાં આવશે સિંગતેલના ડબાનો ભાવ જે ૩૦ જૂને ૧૫ કિલો પ્રમાણે ૧૪૩૦ હતો અને ૧૫ લિટરનો ભાવ રૂ. ૧૩૨૦ હતો એ જ તેલનો ભાવ ૩૧ જુલાઈએ ૧૫ કિલો ડબાનો ૧૫૭૦ થી ૧૫૮૦ થયો અને ૧૫ લિટરનો ભાવ ૧૪૫૦ થી ૧૪૭૦ થયો. જેમાં રૂ ૧૨૦નો વધારો માત્ર એક મહિનામાં થયો હતો. જે હવે રૂ ૧૬૦૦એ પહોંચ્યો છે. ■

સુરતમાં તાંત્રિકે વિધિના બહાને મહિલા પર આચર્યું દુષ્કર્મ

▸મહિલાને વશમાં કરીને ૪૫ તોલા સોનું પણ પડાવ્યું

સુરતઃ શહેરની મહિલા સાથે અમદાવાદના તાંત્રિકે તાંત્રિક વિધિના બહાને દુષ્કર્મ આચર્યું હતું. તાંત્રિકે વિધિના નામે તેને વશમાં કરી અલગ અલગ જગ્યાઓ પર લઈ જઈ દુષ્કર્મ આચરવામાં આવ્યું હતું. આ મામલે દુષ્કર્મનો ભોગ બનેલી પરિણીતાનું સ્મીમેર હોસ્પિટલમાં મેડિકલ કરાવવામાં આવ્યું હતું. દુષ્કર્મ કરવા ઉપરાંત તાંત્રિકે મહિલાને વશમાં કરીને તેની પાસે ૪૫ તોલા સોનું પણ પડાવી લેવામાં આવ્યું હતું. એક તરફ દુનિયા ટેકનોલોજી તરફ આગળ વધી રહી છે. બીજી તરફ ભારતમાં હજુ પણ લોકો તાંત્રિકના સહારે રહે છે. જેના કારણે આવી ઘટનાઓ સામે આવી છે. ■

છેલ્લાં પાનાનું ચાલુ

આત્મહત્યા

સમાચાર'ને જણાવ્યું હતું કે મૃતકની ઓળખ રામ કાંબળે (૪૮) તરીકે થઈ હતી. અંધેરી પશ્ચિમમાં ડી. એન. નગર ખાતે આવેલી કૉલેજના વાઈસ પ્રિન્સિપાલ કાંબળે કાંદિવલીમાં રહેતા રહેતા હોવાનું જણાયું હતું.

ડી. એન. નગર પોલીસ સ્ટેશનના એક અધિકારીએ જણાવ્યું હતું કે ઘટના શુક્રવારે સવારે ૮.૪૦ વાગ્યે બની હતી. કૉલેજના બીજા માળે કૅબિન ધરાવતા કાંબળે પહેલા ત્રીજા માળે આવેલા સ્ટાફ રૂમમાં ગયા હતા. ત્યાર બાદ એ જ માળ પર આવેલા સ્ટાફ માટેના બાથરૂમમાં ગયા હતા. બાથરૂમના પેસેજમાં આવેલી બારીમાંથી તેમણે નીચે પડતું મૂક્યું હતું. કાંબળે નીચે પડવાનો અવાજ આવતાં સિક્યોરિટી ગાર્ડ સહિત અન્યો દોડી આવ્યા હતા. નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયેલા કાંબળેને મૃત જાહેર કરાયા હતા. બનાવની જાણ થતાં જ ડી. એન. નગર પોલીસ સ્ટેશનના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેમના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે કૂપર હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. પોલીસના જણાવ્યા મુજબ તેમને સ્યુસાઈડ નોટ મળી આવી હતી, જેમાં કાંબળેએ પોતે ડિપ્રેશનમાં હોવાથી આવું પગલું ભરી રહ્યા હોવાનું અને આ માટે કોઈને જવાબદાર ન ઠેરવવાનું જણાવ્યું હતું. ■

પુણેમાં

જોઇન્ટ કમિશનર શિવાજી બોડખેએ જણાવ્યું હતું.

તેમણે ઉમેર્યું કે આંદોલનમાં અન્ય શખસ સામેલ થયા હતા અને હિંસા કરી હતી. દરમિયાન, બંધ વખતે ઔરંગાબાદના વાલુજ વિસ્તારની ૬૦ ઇન્ડસ્ટ્રિયલ કંપનીના વિસ્તારમાં આંદોલનકારોએ હુમલો કર્યો હતો. આ બાબતે પોલીસે ૨૦ જણની ધરપકડ કરી હતી.

સીએમઆઇએ કંપનીના ભૂતપૂર્વ પ્રેસિડન્ટ પ્રસાદ કોહલીએ જણાવ્યું હતું કે બદમાશોએ ૬૦ કંપનીને નુકસાન પહોંચાડ્યું હતું તેમાં સિમન્સ, ઇન્ડ્યોરન્સ ટેક્નોલોજી, વૅરોક, નાહર ઇન્ફોટેક, આકાંક્ષા પૅક્સ, એનઆરબી બૅરિંગ અને કૅનપૅક જેવી કંપનીનો સમાવેશ થાય છે. આ ઘટનાને કારણે ઇન્ડ્રસ્ટ્રીને આર્થિક નુકસાન થયું છે તથા વિશ્વભરના ઇન્વેસ્ટર પર નકારાત્મક છબી બની છે, એમ એમએએસએસઆઇએના પ્રેસિડન્ટ કિશોર રાઠીએ જણાવ્યું હતું. (પીટીઆઇ) ■

પાલિકાની સ્કૂલ

અને ગુરુવારે તે શાળામાં હાજર રહી હતી. કહેવાય છે કે ગુરુવારે રાતે એકાએક સ્વાસ્થ્ય લથડવાને કારણે વિદ્યાર્થિનીને ઊલટીઓ થવા લાગી હતી. એક તબક્કે લોહીની ઊલટી સાથે વિદ્યાર્થિની બેભાન થઈ ગઈ હતી. નજીકની હૉસ્પિટલમાં લઈ જવાયેલી વિદ્યાર્થિનીને મૃત જાહેર કરાઈ હતી. પોસ્ટમોર્ટમ માટે તેના મૃતદેહને રાજાવાડી હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો. બાળકોમાં એનિમિયાના પ્રમાણને કાબૂમાં રાખવા માટે કેન્દ્ર સરકારની યોજનાના ભાગ રૂપે પાલિકાની શાળાના વિદ્યાર્થીઓને આયર્ન, ફોલિક ઍસિડ અને પેટમાંના કૃમિઓના ઇલાજ માટેની દવા આપવામાં આવે છે. જોકે આ યોજના હેઠળ ક્યારેય કોઈ અઘટિત ઘટના બની હોવાના અહેવાલ નથી, એવો દાવો પાલિકાએ કર્યો હતો.

દરમિયાન શાળામાં આપવામાં આવેલી દવાને કારણે બાળકીએ જીવ ગુમાવ્યો હોવાની વાત વાયુવેગે ફેલાતાં અન્ય વિદ્યાર્થીઓના વાલીઓ પણ ગભરાઈ ગયા હતા. તબીબી તપાસ માટે વિદ્યાર્થીઓને લઈ વાલીઓએ હૉસ્પિટલ તરફ ધસારો કર્યો હતો. રાજાવાડી હૉસ્પિટલમાં ૧૬૧ અને ગોવંડીની શતાબ્દી હૉસ્પિટલમાં ૩૬ બાળકને તપાસ માટે લાવવામાં આવ્યા હતા. અમુક કલાકો સુધી નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા બાદ તેમને ઘરે જવા દેવાયા હતા. માત્ર અસ્વસ્થતા અને ચક્કરની ફરિયાદ કરનારા ૧૨થી ૧૪ બાળકને સારવાર માટે હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા. પાલિકાએ નિવેદનમાં જણાવ્યું હતું કે તબીબી તપાસમાં બાળકોમાં ગંભીર સ્વાસ્થ્યને લગતાં કોઈ લક્ષણો જણાયાં નહોતાં. મૃત્યુ પામેલી બાળકીના પોસ્ટમોર્ટમનો અહેવાલ આવ્યો ન હોવાથી તેના મૃત્યુ પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. એ સિવાય બાળકીની ભૂતકાળની બીમારીને લગતી કોઈ માહિતી ઉપલબ્ધ ન હોવાનું પાલિકાનું કહેવું છે. ■

મોટરમેન

આવી હતી. મધ્ય રેલવે પર મોટરમેનના મંજૂર કરવામાં આવેલા પદમાંથી ૨૭૧ પદ ખાલી પડ્યાં છે, જેને કારણે મોટરમેન પર કામનું દબાણ વધી જાય છે. સેન્ટ્રલ રેલવે મઝદૂર સંઘ અને રેલ કામગાર સેના દ્વારા સ્પૅડ માટેની સજા હળવી કરો અને ખાલી પડેલાં મોટરમેનના પદ ઝડપથી ભરવાની વહીવટીપ્રશાસને ખાતરી આપી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. લશ્કર સહિતના કોઈ પણ ખાતામાં ૧૦૦ ટકા પદ ભરાયેલી હોતી નથી, પરંતુ તેમ છતાં ઑક્ટોબર મહિનાથી ૫૦ અને માર્ચ મહિના સુધી ૧૦૦ મોટરમેનની ભરતી કરવામાં આવશે, તેથી મોટરમેનના કામ અને ઓવરટાઈમમાં તાણ ઓછી થશે. ■

ગુડ મોર્નિંગ

મારું સજેશન સહી હતું. અમને બધાને લાગ્યું હતું કે રાજેશ ખન્ના માટે કિશોર કુમારનો અવાજ મોસ્ટ સૂટેબલ છે.'

કિશોર કુમાર શું પહેલેથી જ ઈન્ડસ્ટ્રીમાં પ્લેબેક સિંગર બનવા આવ્યા હતા? ઍક્ટિંગ કરતાં એમને ગાવામાં વધારે રસ હતો? મોટા ભાઈ અશોક કુમારે એમને અભિનય કરવા માટે ધકેલ્યા? કિશોર કુમારે પોતે તો એક કરતાં વધારે ઈન્ટરવ્યૂઝમાં આવું જ કહ્યું છે. રેડિયો પરની મુલાકાતમાં પણ તેઓ આવું જ કહેતા રહ્યા છે કે પોતે એક્ટર નહીં પણ સિંગર બનવા માગતા હતા.

તો પછી કારકિર્દીના શરૂઆતના દોઢ-બે દાયકા સુધી શું કામ તેઓ રફી, મુકેશ કે તલત મહેમૂદની જેમ માત્ર પ્લેબેક સિંગિંગ પર ધ્યાન આપવાને બદલે ઍક્ટિંગ કરતા રહ્યા? મારું માનવું છે, આ માત્ર મારી કલ્પના જ છે, કે કિશોર કુમાર પોતાના મોટાભાઈની જેમ એક સુપરસ્ટાર બનવા માગતા હતા, પણ અશોક કુમાર જેવી અભિનયની પ્રતિભા, એવો દેખાવ એમનામાં નહોતો. કૉમેડિયન તરીકે કિશોર કુમાર લાજવાબ હતા, એમના કૉમિક ટાઈમિંગને કોઈ પહોંચી શકે નહીં, પણ સિરિયસ કે પછી રોમેન્ટિક ઍક્ટિંગમાં તેમ જ ઍક્શન સિક્વન્સ માટે એમની પાસે મર્યાદિત અભિનય ક્ષમતા હતી. અશોક કુમારની જેમ તેઓ હરફનમૌલા નહોતા. દિલીપ-રાજ-દેવની ત્રિપુટીની કૉમ્પીટિશન કરી શકે એવી ઍક્ટિંગ ટેલન્ટ નહોતી એમનામાં. આમ છતાં એમણે પોતાની મર્યાદા જાણ્યા વિના, હાર માન્યા વિના અભિનય ક્ષેત્ર ત્યજ્યું નહીં એટલું જ નહીં તેઓ ઘણીવાર કહેતા કે 'દિલીપકુમાર પછી હું ઈન્ડસ્ટ્રીનો સૌથી મોટો (લોકપ્રિય) અભિનેતા હતો.' આવું તેઓ જરૂર માનતા હશે, પણ હકીકત એવી નહોતી. રાજ કપૂર અને દેવ આનંદ બધી રીતે કિશોર કુમાર કરતાં મોટા ગજાના અને વધારે લોકપ્રિય સ્ટાર્સ હતા.

એક કૉમેડિયન કે એક વિલન માટે જો ફિલ્મની કારકિર્દી લંબાવવી હોય તો એણે એકાદ દાયકા પછી કેરેકટર રોલ્સ કરવા જ પડે. કિશોરદા હીરોના સિંહાસનેથી હેઠે ઊતરવા તૈયાર નહોતા જેના પરિણામે અર્લી સિક્સ્ટીઝમાં એમની હીરો તરીકેની એક પછી એક ફિલ્મો ફ્લોપ જવા માંડી. 'ચલતી કા નામ ગાડી' (૧૯૫૮) એમણે પોતે પ્રોડ્યુસ કરેલી અને સુપર હિટ ગઈ. શક્ય છે કે એ પછી તેઓ પોતાને એક સંપૂર્ણ ફિલ્મકાર માનીને પોતે જ ફિલ્મો પ્રોડ્યુસ કરતા, ડાયરેકટ કરતા, એમાં સંગીત આપતા, ગાતા, ગીતો પણ લખતા અને સ્ટોરી-સ્ક્રીન પ્લેમાં પણ ફાળો આપતા, પરંતુ 'ચલતી કા નામ ગાડી' જેવી કમર્શિયલ સફળતા એમણે ફરી ક્યારેય પોતાના પ્રોડક્શનની કોઈ ફિલ્મમાં જોઈ નહીં, એમાંની કેટલીક ફિલ્મો ક્રિટિક્લ અક્લેઈમ પામી અને ઘણી ફિલ્મોના ગીત-સંગીત તો ખૂબ વખણાયાં, પણ છેવટે જ્યારે નફા નુકસાનના હિસ્સાનો વખત આવ્યો ત્યારે ધંધામાં મસમોટી ખોટ દેખાતી. હીરો તરીકે હવે ગાડું ચાલે એમ નહોતું અને પ્લેબક સિંગર તરીકેની કારકિર્દીમાં રસ નહોતો. આમાં ઉમેરાતી પર્સનલ લાઈફની અસમંજસો અલમોસ્ટ એક આખો દાયકો આ અંધારામાં વીતી ગયો અને 'આરાધના' પછી એમની જિંદગીમાં બીજો સૂર્યોદય થયો. આ મારી ઘણી જૂની થિયરી છે. તમારે સહમત થવું જરૂરી નથી. પણ આ સિરીઝ લખતી વખતે અનાયાસે મેં અમિતાભ બચ્ચનને કિશોર કુમારના અવસાન પછી આપેલી ટૂંકી શબ્દાંજલિનો વીડિયો જોયો જેમાં મારી આ થિયરીને અનુમોદન અપાતું હોય એવું મને લાગ્યું અને મેં જાહેરમાં આ વાત કહેવાની હિંમત કરી. બચ્ચનજી કહેતા હોય તો પછી આપણે કહેવામાં કોઈ વાંધો નહીં.

કિશોર કુમાર કે પછી બીજું કોઈ પણ પોતાના ઈન્ટરવ્યૂઝમાં (કે ઈવન આત્મકથામાં) જે કંઈ કહે તેને સો ટકા હકીકતરૂપે માની લેવાની જરૂર નથી હોતી, કારણ કે અમુક બાબતમાં વ્યક્તિ પોતાની ઈમેજ બનાવવા (કે સાચવવા) આવું કહેતી કે લખતી હોય એવું બને.

કિશોર કુમારને, શક્ય છે કે, આજીવન અફસોસ રહ્યો હોય કે પોતે અશોક કુમાર જેવા કે દિલીપ-રાજ-દેવની હરોળમાં બેસી શકે એવા સ્ટાર ન બની શક્યા. કેવી આયરની કહેવાય! એ પોતે એક એવા ગાયક હતા જેવા ગાયક સદીમાં એકાદ જન્મે તો જન્મે, એમને જિંદગીની બીજી કોઈ નિષ્ફળતાને અફસોસ હોવો પણ ન જોઈએ. આનંદ બક્ષી ગાયક બનવા ઈન્ડસ્ટ્રીમાં આવ્યા હતા. કેટલા મોટા ગીતકાર પુરવાર થયા. સલીમ ખાન અભિનેતા બનવા આવ્યા હતા. ('તીસરી મંઝિલ'માં એમને ડ્રમ સેટ વગાડતાં જોયા છે?) પણ સ્ટોરી-સ્ક્રીન-પ્લે રાઈટર તરીકે એમની જાવેદ અખ્તર સાથેની જોડી જબરજસ્ત મશહૂર થઈ. શું બક્ષીસા'બ કે સલીમસા'બને ગાયક કે અભિનેતા ન બની શક્યાનો રંજ હશે? કોને ખબર. હોવો જોઈએ? બિલકુલ નહીં જો એમના એક અદના ફૅન તરીકે જોઈએ તો.

કિશોર કુમાર વિશે જા